ડૉ. ધર્મેશ સી પંડયા
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ,
આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા.

# મણિબહેન પટેલનું સામાજિક ક્ષેત્રે પ્રદાન

દેશના સ્વતંત્રતા સંગ્રામ તથા દેશી રાજયોના એકીકરણના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ગાંધીજી દ્વારા ઘડતર કરાયેલ પુત્રી મણિબહેન એક સ્વાતંત્ર્ય સૈનિક તરીકે સત્યાગ્રહી, બાપુ અને સરદારના રહસ્ય મંત્રી, પાર્લામેન્ટ અન રાજસભાના સભ્ય, કોંગ્રેસના શિસ્તબધ્ધ સૈનિક, એક સમર્પિત સમાજસેવિકા, સ્ત્રીઓ તથા બાળકોના કલ્યાણ માટેની અનેક પ્રવૃત્તિઓ ઉપરાંત આજીવન અનેક રચનાત્મક સંસ્થાઓમાં રહી રાષ્ટ્રની તેમજ સમાજની સેવા કરનાર સાદાઈ, શ્રમ, પ્રામાણિકતા, કરકસર , સુઘડતા અને અપરિગ્રહ જેવા વ્રતોના સાક્ષરમૂર્તિ હતા. આજીવન પ્રજાના સર્વાંગી વિકાસ માટે ઝઝૂમતા રહયા હોવા છતાં આવી વિરલ પ્રતિભાની નોંધ આઘુનિક ભારત તેમજ ગુજરાતના ઈતિહાસમાં નહિવત્ લેવામાં આવી છે. ઈતિહાસમાં લગભગ ઉપેક્ષિત રહેલા મણિબહેનના સંપૂર્ણ જીવનકાર્યને નહિ પણ તેમને સામાજિક ક્ષેત્રે કરેલા પ્રદાનને ઉજાગર કરવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

## ❖ પૂર્વજીવન– સમાજસેવિકા તરીકેનું ઘડતર

એપ્રિલ ૧૯૦૪માં મણિબહેનનો જન્મ વલ્લભભાઈ પટેલને ત્યાં થયો. માતા ઝવેરબા ૧૯૧૦ માં મૃત્યુ પામ્યા ત્યારે તેઓ માંડ છ વર્ષના હતા. નાનપણમાં માનું છત્ર ગુમાવનાર બંને બાળકોને માથે વલ્લભભાઈએ ‘નવી મા’ નું દુ:ખ ન નાંખ્યું. વલ્લભભાઈની જેમ બંને બાળકોએ પણ પોતાનું દુ:ખ કે એકલતાને દિલમાં કાયમ દબાવી દીઘી. પરંતુ વલ્લભભાઈએ તેમના ઉછેરમાં કયારેય માની ખોટ પડવા પણ ન દીઘી.

વલ્લભભાઈ કાયદાનો અભ્યાસ કરવા ૧૯૧૦ માં ઈંગ્લેંડ ગયા ત્યારે પોતાના બંને સંતાનોને મુંબઈની સેંટ મેરી સ્કુલમાં ભણાવવાની વ્યવસ્થા કરતા ગયા. પ્રાશ્વાત્ય ઢબની અસર તળે મુંબઈની શાળામાં તેઓ ભણ્યા. ૧૯૧૩માં વલ્લભભાઈ દેશ પરત આવ્યા. મણિબહેનને સાથે લઈ અમદાવાદ ગયા. દાદાસાહેબ માવળંકરના પરિવારે મણિબહેનને હુંફ આપી. મનસુખભાઈ દેસાઈના પત્ની હિરાવતીબહેને તેમને દુનિયાદારીની સમજ આપી [૧]. આમ મણિબહેનનું સરદાર પટેલના અંગતમિત્રોના પરિવારો દ્વારા બાકીનું ઘડતર થતું ગયું.

વલ્લભભાઈ પટેલની ગાંઘીજી સાથેની ૧૯૧૭ની પહેલી મુલાકાતે તેમનું જીવન બદલી નાંખ્યું. પાશ્ચાત્ય ઢબે જીવતા વલ્લભભાઈએ પરદેશીનો મોહ છોડી ખાદી અપનાવી તે સાથે મણિબહેને પણ ખાદી અપનાવી. ત્યારથી જ વલ્લભભાઈએ મણિબહેનને પોતાનાં વૈચારિક વારસદાર તરીકે સ્વીકારી લીઘાં હતા.[૨]

સેંટ મેરી સ્કૂલમાં ભણતાં મણિબહેન મેટ્રિકની પરિક્ષાની તૈયારી કરતાં હતા ત્યારે ગાંઘીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. સરકારી શાળા–કોલેજો છોડી દેવા બાપુએ વિદ્યાર્થીઓને આહ્‌વાન કર્યુ. તેને ઝીલી લઈ મણિબહેન વિદ્યાપીઠમાં દાખલ થયા. ‘આચાર્ય કૃપલાનીજી અને કાકાસાહેબ કાલેલકર દ્વારા તેઓ કેળવણી પામ્યાં. વિદ્યાપીઠના મુક્ત વાતાવરણે મણિબહેનમાં જન્મથી રહેલી નિર્ભયતાને વેગ આપ્યો. આ સાથે મણિબહેનને બા અને બાપુ મળ્યા અનેક દેશનેતાઓનો સંપર્ક થયો અને મણિબહેનનું એક નવું જીવન શરૂ થયું.

મણિબહેનના અભ્યાસકાળ દરમ્યાન રૂઢિવાદી સમાજનો બહેનો અક્ષરજ્ઞાન ઓછી મેળવતી , શાળા કોલેજો સુધી માંડ જતી તેવે વખતે સામાજિક પરંપરાઓ અને રૂઢિઓને નેવે મૂકી ઘરેથી સાયકલ ઉપર વિદ્યાપીઠ જતા મણિબહેનની લોકો હંસીમજાક ઉડાવતા તેમને જોવા રસ્તા પર લોકોના ટોળાં એકઠા થતાં એ કશાની પરવા કર્યા વગર તેમણે સ્નાતક સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

આજે બહેનો સાયકલ તો ઠીક વિમાનો પણ ઉડાડે છે. અને અવકાશયાનોમાં પણ જાય છે. બહેનોની એ પ્રગતિના પાયામા પ્રારંભ કરનારી જે બહેનો છે એમાંના મણિબહેન એક હતાં.

### ❖ આઝાદી પૂર્વેનું સામાજિક ક્ષેત્રે પ્રદાન

૧૯૧૭માં અમદાવાદમાં પ્લેગ ફેલાયો. સાથોસાથ દુષ્કાળ પણ પડયો. દર્દીઓની સાથે અકાલગ્રસ્તોની સેવા, સારવાર અને પુર્નવસનના કામમાં મણિબહેન એક સ્વયંસેવક તરીકે લાગી પડયા. આ સમયે તેમને કરેલ સામાજિક સેવાનું કાર્ય ઉલ્લેખનીય હતું. [૩]

૧૯૨૧થી વકિલાત છોડી વલ્લભભાઈ પટેલ ગાંધીજી સાથે સક્રિય પણે જોડાયા. ખેડા, નાગપુર, બોરસદ, સત્યાગ્રહ વખતે મણિબહેન પિતાની સાથે લડતમાં અગ્રેસર રહેલા. ૧૯૨૮માં રાષ્ટ્રીય કેળવણી અને તેમાંય સ્ત્રી કેળવણીને વેગ આપવા ગાંધીજીએ મણિબહેનને ગુજરાત વિદ્યાપીઠની નિયામક સમિતિમાં નિયુકત કર્યા. આ પદે રહી સ્ત્રી સાક્ષરતા માટે તેમને ભરપૂર પ્રયાસો કરી સ્ત્રી શિક્ષણનો પ્રચાર પ્રસાર કર્યો. [૪]

ભૂતકાળના કુદરતી પ્રકોપોમાંથી બોધ લઈ ભવિષ્યમાં આવા કપરા સમયે સેવાના કામ કરવા એક કાયમી સ્વરૂપની સંસ્થા 'ગુજરાત સંકટ નિવારણ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ જેના તેઓ ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર હતાં.

૧૯૨૭–૨૮ના વર્ષોમાં અમદાવાદમાં સાબરમતીમાં ઘોડાપૂર આવ્યું ત્યારે પણ તેમને પ્રત્યક્ષ સેવાકાર્ય કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલુ. આ વર્ષે ફરી પ્લેગનો રોગચાળો ફેલાયો ત્યારે પણ તેમને જનસેવા કરવામાં પાછી પાની કરી ન હતી.

૧૯૨૮માં બારડોલીમાં અન્યાયી મહેસૂલ વધારા સામે વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં જે ' ના–કર ' ની લડત ચાલી તેમાં ગામેગામ સભાઓ ભરી સ્ત્રીઓને જાગૃત કરવી, લડતમાં સામેલ કરવી, કષ્ટો સહન કરવા માનસિક રીતે તૈયાર કરવી, અન્યાય સામે લડવું આ બધી બાબતોમાં સમગ્ર લડત દરમ્યાન ગોલણ છાવણીના સેનાપતિ તરીકે નેતૃત્વ બજાવતાં મણિબહેને બહેનોને જાહેરમાં લાવી મૂકી.[૫] લડત દરમ્યાન સ્ત્રી જાગૃતિ માટે કરેલા પ્રયાસો તેમને કરેલા સામાજિક પ્રદાનમાં મહત્વના છે.

આ લડત દરમ્યાન મોરીઠ ગામની સભામાં રાનીપરજ સ્ત્રીઓ કે જે હાથે પગે તેમજ ગળામાં પત્થર પીત્તળ વગેરેના ભારેખમ ઘરેણાં પહરતી તે ઉતારવાની માંગણી મણિબહેને કરી જેને પરિણાને ત્યાંને ત્યાં બાવીસ બહેનોએ પોતાનાં આવાં બોજારૂપ ઘરેણાં ઉતાર્યા અને ફરી કદી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. સભા પૂરી થયા બાદ રાનીપરજ બહેનોએ ઘરેણાં ઉતરાવનારી સ્ત્રીઓની એક યાદી તૈયાર કરી મણિબહેનને આ માટે ફરી બોલવવાની તજવીજ કરી.[૬] એટલું જ નહિ રાનીપરજ પ્રજામાં દારૂ અને તાડી છોડાવવા તેમણે અથાગ પરિશ્રમ કર્યો.[૭] આમ આ કાર્યમાં મણિબહેનની રાષ્ટ્રસેવાની સાથે સામાજિક સુધારણાની દ્રષ્ટિ દેખાય છે.

આ લડતથી વલ્લભભાઈ 'સરદાર' બન્યા તેની સફળતામાં સ્ત્રીઓનો ફાળો પણ નાનો સૂનો ન હતો. મીઠુબેન પેટીટ, ભકિતબા, શારદાબેન મહેતાની સાથે મણિબહેન પટેલ જેવી સ્ત્રીઓ ગામેગામ અને ઘરેઘર ફરતી જપ્તી સમયે ખેડૂતોને અને તેમની સ્ત્રીઓને હિમત રાખવાનું કહેતી. સ્ત્રીઓએ લડત દરમ્યાન ખેડુતોની નૈતિક તાકાત ટકાવી રાખવામાં ઘણો મોટો ફાળો આયો હતો જેનો યશ મણિબહેનને જાય છે.[૮]

૧૯૨૯ થી ૧૯૪૨ના ઉનાળા સુધી વલ્લભભાઈ મણિબહેન સાથે આ ઘરમાં જ રહ્યા ( કાયમ માટે નહીં ) આશ્રમમાં સાથે જમતાં, ફાનસ કરતાં, કૂવામાંથી પાણી કાઢી લાવતાં, ફૂલઝાડ રોપી જતન કરતાં. [૯] જાહેર પ્રવૃત્તિની સાથે એક સામાન્ય સ્ત્રીની જેમ ઘરકામમાં પણ ન્યાય આપનાર મણિબહેન વિશેષ હતાં. બારડોલી નિવાસ દરમ્યાન ૧૯૩૨–૩૩ ના વર્ષોમાં તળસમાજના લોકોમાં ભળી તેમને કાર્ય કર્યુ. આવા સમાજના લોકોને સામાન્ય પ્રવાહમાં જોડયા એટલું જ નહીં પરદેશીનો ત્યાગ કરી ખાદીપ્રચાર વઘારવા તેમજ દારૂ–તાડીને છોડાવવા અથાગ પરિશ્રમ કર્યો. આમ રાષ્ટ્રસેવાની સાથે સમાજનિર્માણનું કાર્ય તેમણે કર્યુ.

૧૯૩૦ થી ૧૯૪૨ સુઘી મણિબહેને મુંબઈ રાજ્યની લગભગ મોટાભાગની જેલોમાં જેલવાસ ભોગવ્યો. જેલવાસ દરમ્યાન કસ્તૂરબા સહિત અનેક દેશસેવિકાઓનો નજીકથી સંપર્ક થયો અને તેમના સહવાસથી તેમનામાં રહેલી સ્ત્રીશક્તિની તાકાતને વેગ મળ્યો.

## ❖ સ્વાતંત્ર્યોત્તર સામાજિક પ્રદાન

૧૯૪૭માં દેશ આઝાદ થયો, ૧૫ મો ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદાર પટેલનું અવસાન થયું. પિતાના અવસાન પછી મણિબહેન ચાર દાયકા જીવ્યા.પિતાને અને રાષ્ટ્રને જીંદગી અર્પણ કરનાર તેઓ એક આશાસ્પદ, નીડર કાર્યકર્તા હતા.

૧૯૨૦ થી સ્ત્રી શિક્ષણક્ષેત્રે શરૂ કરેલી પ્રવૃત્તિને તેમને આગળ ઘપાવી. આણંદ પાસે વલ્લભવિદ્યાનગરની વિશ્વકર્મા મહાવિદ્યાલય (B.V.M) ના નિયામકમંડળમાં પણ તેઓ સભ્યપદે રહયા. ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ સ્ત્રી સ્નાતક એવા મણિબહેને ૧૯૬૩માં ‘વિ લ કન્યા કેળવણી મંડળના’ પ્રમખપદે વર્ષો સુધી રહી સ્ત્રી કેળવણી ક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું.[૧૦]

૧૯૫૨ થી ૧૯૬૨ સુઘી તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા આ સમય દરમ્યાન ૧૯૫૩માં ફેમિલી વેલ્ફેર કો.ઓ.ઈન્ડ.સોસાયટીના સભ્ય,૧૯૫૫થી ૧૯૬૯ સુઘી આકાશવાણીના કાર્યકર સલાહકાર સમિતીના સભ્ય, ૧૯૫૬ થી ૧૯૬૨ સુઘી રેલયાત્રા સુવિઘા સમિતીના સભ્ય તેમજ ૧૯૬૦માં ટેલીફોન સલાહકાર સમિતીના સભ્યપદે રહયા હોદ્દાઓ પર રહી માત્ર તેમને સત્તા નથી ભોગવી.ભારતના ગામડાંનાં રહેતી બહુમતી પ્રજાને ખર્ચનો બોજો વઘાર્યા વિના જનજીવનના પ્રવાહમાં ભેળવવા પ્રયત્નો કર્યા. ટપાલના લાલ થાંભલા દેશના ખૂણાખાંચરા સુઘી પહોંચાડી બઘાં ગામડાં અને શહેરોને એકબીજા સાથે જોડવાનું કામ તેમને કર્યુ. ટપાલ લખવા વાંચવા પૂરતા, ગ્રામજનો ભણતાં થાય તેવી દ્રષ્ટિ તે પાછળ હતી. ટપાલ પછી વીજળી અને દૂરધ્વનિ (ટેલીફોન) પણ બને ત્યાં સુઘી આમજનતા સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ એમને કરાવેલી.

લોકસભાએ રેલ્વે મુસાફરીનો પ્રથમ વર્ગનો પાસ આપ્યો હોવા છતાં તેઓ ત્રીજા વર્ગમાં મુસાફરી કરતાં કારણ લોકોનો સાચો સંપર્ક સઘાય, લોકોની અગવડ–સગવડ ઘ્યાનમાં આવે, રેલ્વેને લગતા પ્રશ્નો ઘ્યાનમાં આવે. આમલોકોની વચ્ચે રહી,જીવી સત્તા ભોગવવામાં તેઓ માનતા.[૧૧] સત્તાની ખુરશી પર મણિબહેને ભલે નજર પણ ના કરી હોય છતાં એમનું સ્થાન લોકોના દિલમાં હતું.

૧૯૬૩ માં બારડોલી સ્વરાજ આશ્રમ નિયામક સમિતિના સભ્ય, ૧૯૬૪ થી ૬૯ સુધી સમાજ કલ્યાણ કેન્દ્રીય ખાતાના સભ્યપદે રહી સમાજસેવા કરી. તેઓ ૧૯૬૪ થી ૭૦ સુઘી તેઓ રાજસભાના સભ્ય હતા. ૧૯૭૩ થી ૭૫ સુઘી સાબરકાંઠા વિસ્તારમાંથી લોકસભાના સભ્યપદે ચૂંટાયા ત્યાર પછી ૧૯૭૭ માં મહેસાણા બેઠક પરથી સવાઘિક મત મેળવી લોકસભાના સભ્ય બનેલા.

કસ્તૂરબાના નિધન પછી દેશવાસીઓએ બા વિશેનો પ્રેમાદર કરવા બાપુને એક કરોડ રૂપિયા ચરણે ધર્યા આ નાણાં બાપુએ દૂરના અંતરિયાળ પછાત વિસ્તારની બહેનો અને બાળકોના ઉત્થાન માટે આપી દીધા. જેના અમલ માટે 'કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટ ' ની સ્થાપના થઈ. ૧૯૮૫ થી ૮૮ સુધી તેઓ તેના અધ્યક્ષ પદે રહ્યા. બાપુની ઈચ્છાનુસાર તેમને આ નાણાં થકી સમાજસેવાને મૂર્તિમંત કરી.[૧૨] આ ઉપરાંત અનેક જાહેર સંસ્થાઓ સાથે જોડાઈ તેઓ સમાજસવા કરતા રહ્યા.

આ સિવાય પ્રકાશનક્ષેત્રે પણ તેમનું મોટું યોગદાન રહેલું છે. ૧૯૫૭માં તેઓ નવજીવનના ટ્રસ્ટી બન્યાં. આ દરમ્યાન તેમણે ગુજરાતી, હિંદી અને અંગ્રેજીનાં અનેક ગ્રંથોનું લેખન અને સંપાદન કર્યું. જેમાં બાપુના પત્રો–સરદાર વલ્લભભાઈને, બાપુના પત્રો–મણિબહેનને, બોરસદ સત્યાગ્રહ, તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના લેખો ઉલ્લેખનીય છે. સરદાર પટેલ સ્મારક ભવન સાથે તેઓ ટ્રસ્ટી તરીકે ૧૯૫૨ થી૯૦ સુધી સંકળાયેલા રહયા. આ દરમ્યાન સરદારશ્રી ના પત્રો ભાગ–૧ થી ૫ નું તેમને સંપાદન કર્યુ. આ સિવાય તેમને અનેક ગ્રંથો લખ્યા જેના થકી ભારતના ઈતિહાસની અને સમાજની વધુ મહત્વની સેવા થઈ છે.

આવા કર્મનિષ્ઠ રાષ્ટ્રસેવક અને સમાજસેવક મણિબહેનનુ ૨૬ માર્ચ ૧૯૯૦ના રોજ અવસાન થય. સરદારને ભગવાને જે શકિતઓ આપી હતી એમાંથી એકેયનો અપવ્યય મણિબહેને થવા દીધા વગર જીવ્યા ત્યાં સુધી તેઓ રાષ્ટ્ર અને સમાજની સેવા કરતાં રહ્યા.

## ❖ સમાપનઃ–

કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપલાણી અને ગિદવાણી દ્વારા ગુજરાત વિદ્યાપીઠમાં કેળવાયેલ અને પછી ગાંધીજી દ્વારા જીવનઘડતર પામેલા અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની દિકરી મણિબહેને આઝાદીકાળમાં દાખવેલી નિડરતા અને નિષ્ઠાએ સમાજની દરેક વર્ગની સ્ત્રીઓમા જાગૃતિ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. બારડોલીની લડત વખતે રાનીપરજની સ્ત્રીઓના ભાગરૂપે ઘરેણાં ઉતારવવાના હોય કે દારૂબંધી તેમજ ખાદીપ્રવૃતિ જેવી રચનાત્મક સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિ હોય. સ્ત્રીશિક્ષણની વાત હોય કે પછી સત્તામાં રહીને દેશની સમાજ સેવાનું કામ હોય. સેવા, ત્યાગી અને કર્તવ્યની મૂર્તિ એવા મણિબહેનનું આઝાદીના આંદોલનના કાર્યકર તરીકે જ નહીં પરંતુ એક સમાજસેવક તરીકેનું પ્રદાન મૂઠી ઉંચેરુ છે એમ ચોકકસ કહી શકાય.

ટૂંકમાં આપણાં દેશના ઈતિહાસમાં પિતૃભકિત, પતિસેવાપરાયણતાના અનેક દ્રષ્ટાંતો અમર થઈ ગયા છે પરંતું પિતાને ચરણે પોતાનું જીવન ધરી દઈ. અનન્ય નિષ્ઠાથી આવી તપશ્ચર્યા કરનારાં દિકરી કદાચ મણિબહેન એકલાં જ હશે.

## પાદનોંધ

1. મણિબહેન પટેલ p -3-5
   મૃણાલિની દેસાઈ
   સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી, અમદાવાદ, ૧૯૯૫
2. આરપાર સરદાર ઓક્ટો–૨૦૦૪ p-84
3. મૃણાલિની દેસાઈ, ઉપર્યુક્ત p-8
4. એજન p-34
5. બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર –૭૮ p-2
   –નવજીવન, તા–૩–૬–૧૯૨૮
6. બારડોલી સત્યાગ્રહ p-184
   ઈ.ઈ. દેસાઈ ,જીલ્લા પંચાયત, સુરત

7. પ્રતાપ વિજયાંક,૧૯૨૮ p-68
8. વધુ વિગત માટે જુઓ ‘‘ shririn mehta,”
   peasantry and Nationalism
   A case study of bardoli satyagraha,1928
   (New Delhi,1984)
9. સરદાર પટેલ: એક સમર્પિત જીવન p-175
   રાજમોહન ગાંધી
10 મૃણાલિની દેસાઈ, ઉપર્યુક્ત p-35
11 એજન p-40-41
12 એજન p-36-37